ક્રમાંક: વિક-મકમ-જન-૧-ફા./૨૧ /વશી-૧૦૩/૨૦૨૧

વિકાસ કમિશનરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬/૨
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. તા.૧૨/૧૦/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી
તમામ.

વિષય : કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની બદલી/પ્રતિનિયુક્તિ અંગેની માર્ગદર્શક સૂચનાઓ

સંદર્ભ : સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક. એમાઈએસ-૧૦૨૦૧૫-૫૫૬૧૯૫-ગ.૫ તા.૦૫/૦૭/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક. એમાઈએસ-૧૦૨૦૧૫-૫૫૬૧૯૫-ગ.૫ તા.૦૫/૦૭/૨૦૧૭ થી કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની બદલી/પ્રતિનિયુક્તિ અંગેની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિદ્ધ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી.

વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ : (૧) સંદર્ભ દર્શિત પત્ર

કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક
પામેલ કર્મચારીઓની બદલી/પ્રતિનિયુક્તિ
અંગેની માર્ગદર્શક સુચનાઓ બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : એમઆઈએસ-૧૦૨૦૧૫-૫૫૬૧૯૫-ગ.૫
સચિવાલય, ગાંધીનગર
તા. ૫/૭/૨૦૧૭

વંચાણે લીધા : (૧) સા.વ.વિ.નો તા.૦૧-૦૮-૨૦૧૫નો સરખા ક્રમાંકનો પરિપત્ર
(૨) સા.વ.વિ.નો તા.૧૭-૦૯-૨૦૧૬નો સરખા ક્રમાંકનો પરિપત્ર

<u>પરીપત્ર</u>

રાજ્યમાં કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની કરારની શરતો અને બોલીઓમાં બદલી/પ્રતિનિયુક્તિ અંગે જોગવાઈ ન હોવા છતાં તાબાની કચેરીઓ દ્વારા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સમયાંતરે બદલી/પ્રતિનિયુક્તિ કરવામાં આવતી હોવાની બાબત સરકારશ્રીના ધ્યાને આવતા વંચાણ (૧) માં લીધેલ સા.વ.વિ.ના તા.૦૧-૦૮-૨૦૧૫ના પરિપત્રથી આવી બદલી/ પ્રતિનિયુક્તિ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ હતું.

ત્યારબાદ રાજ્યમાં નવા જિલ્લા/તાલુકાઓની રચના થવાથી નવી ઉભી થયેલ કચેરીઓના મંજુર મહેકમ ઉપર નિયમિત નિમણૂક ન થાય ત્યાં સુધી સામાન્ય જનતાને સરકારી યોજનાઓ/ સેવાઓનો લાભ મળી રહે તે બાબતને ધ્યાને લઈ ફિક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓની જના જિલ્લામાંથી નવા જિલ્લામાં આંતરિક વ્યવસ્થાના ભાગરૂપે બદલી/ પ્રતિનિયુક્તિ કરવા અં[illegible] નિમણૂક જે તે જિલ્લામાં જ ચાલુ રહેશે તે મુજબની સુચનાઓ વંચાણ (૨) માં લીધેલ [illegible] તા.૧૭-૦૯-૨૦૧૬ના પરિપત્રથી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

આ સૂચનાઓના કારણે તબીબી કારણો તથા સામાજીક- આર્થિક અને કૌટુંબિક જેવા વાજબી કારણો હોવા છતાં કરાર આધારીત અને ફીક્સ પગારના કર્મચારીઓની બદલી/ પ્રતિનિયુક્તિ થઇ શકતી ન હતી. આ બાબતને લક્ષમાં લેતાં વંચાણ (૧) અને (૨)ના પરીપત્રની સૂચનાઓ રદ કરી નવેસરથી નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) ફીકસ પગાર અને કરાર આધારે નિમણૂંક મેળવનાર મહીલા કર્મચારી તથા દિવ્યાંગ ક્વોટામાં નિમણૂંક મેળવનાર કર્મચારીએ ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ બજાવી હોય તો તેઓની અન્ય જીલ્લાની ખાલી જગ્યા પરની ફેર બદલી માટેની અરજી વિચારણામાં લઇ બદલી કરી શકાશે.

(૨) વર્ગ-૩ સંવર્ગની નવી જાહેરાત અન્વયે સીધી ભરતીના નવા ઉમેદવાર નિમણૂક મેળવે તે પહેલા જે ફીકસ પગારના મહીલા કર્મચારીએ ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ બજાવી હોય અને પુરુષ કર્મચારીએ ઓછામાં ઓછી બે વર્ષની સેવાઓ બજાવી હોય અને આવા ઉમેદવાર બદલીની અરજી કરે તો

પ્રથમ આવી અરજીઓ ઉપર કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે અને ત્યાર બાદ ખાલી રહેલ જગા ઉપર સીધી ભરતીથી નવી નિમણૂંક મેળવનાર ઉમેદવારોને નિમણૂંક આપવાની કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં સમાન કેડરની બે મહીલા કર્મચારીઓ કે જેમણે ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ બજાવી હોય અને જો તેઓ અરસ-પરસ બદલીની માંગણી કરે તો આવી બદલી કરી શકાશે.

ઉપર ક્રમાંક (૨) બાબતે સીધી ભરતીની જાહેરાત આપતા પહેલા જ બદલીની અરજીઓ બાબતે વિચારણા કરી આખરી નિર્ણય લેવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.આ ઉપરાંત આ પ્રકારની બદલીઓ સમાન સંવર્ગની સમાન પગાર ધોરણ વાળી જગ્યાઓને વહીવટી હિત ધ્યાને લઇ લાગુ કરવાની રહેશે

(3) ફીકસ પગારના પુરૂષ કર્મચારીએ ઓછામાં ઓછી બે વર્ષની સેવાઓ પૂર્ણ કરી હોય અને મહીલા કર્મચારીએ ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ પૂર્ણ કરી હોય અને આવા ઉમેદવાર અરસ-પરસ સ્વ-વિનંતીથી બદલીની અરજી કરે તો આવી અરજીઓ ઉપર વિચારણા કરી અરસ-પરસ બદલી કરી શકાશે.

(૪) ઉપર મુજબની તમામ બદલીઓ સ્વ- વિનંતીની ગણવાની રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના :

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વેમાન. મંત્રીશ્રીઓ /રા.ક. મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઈકોર્ટ સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગ.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.
- સર્વે ખાતાના વડાઓ.
- એકાઉન્ટ જનરલ કચેરી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સીલેક્ટ ફાઈલ.
- પત્ર દ્વારા